ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. પ્રાથમિક શિક્ષક ભરતીમાં આ કસોટીના માનાંકો અને ધોરણો પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા કરવામાં આવશે.

**(૧) ઉમેદવારની યોગ્યતા :**

પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયક માટે સરકાર દ્વારા તા.૨૭–૪–૨૦૧૧ના ઠરાવથી નકકી કરેલ અને તેમાં વખતોવખત થતા સુધારાવધારા સાથેની શૈક્ષણિક એક તાલીમી લાયકાત ધરાવનાર ઉમેદવાર જ આ પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટીમાં ઉપસ્થિત થઈ શકશે.

**(૨) શિક્ષક યોગ્યતા કસોટી રચનાનું માળખું અને વિષયવસ્તુ :**

(I) શિક્ષક યોગ્યતા અંગેની તમામ કસોટીઓ બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની ( Multiple Choice Question Based - MCQs) રહેશે. દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. પરીક્ષાની પધ્ધતિ રાજય પરીક્ષા બોર્ડ નકકી કરશે.

(II) આ કસોટીઓના મૂલ્યાંકનમાં કોઈ નકારાત્મક મૂલ્યાંકન ( Negative Marking) રહેશે નહી. સંપૂર્ણ ગોપનીયતા પ્રશ્નપત્રોની રચના સાથે જે તે વિષયની લાયકાત અને અનુભવ ધરાવતા ઉત્તમ તજજ્ઞો દ્વારા રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ધ્વારા કરવાની રહેશે. તે માટેના અલાયદા નિતિનિયમો અને સૂચનાઓ તથા માર્ગદર્શક બાબતો અંગેની સાહિત્ય સામગ્રી અને જાહેરનામું રાજય પરીક્ષા બોર્ડ ધ્વારા તૈયાર કરાવી પ્રચાર પ્રસાર કરશે.

(III) **પરીક્ષા ફી :** રાજય પરીક્ષા બોર્ડ વખતો વખત નકકી કરે તે પ્રમાણે પરીક્ષા ફી રહેશે.

(IV) **શિક્ષક યોગ્યતા કસોટી / પરીક્ષા :**

ગુજરાત રાજયમાં આવેલ કોઈપણ પ્રાથમિક શાળા(ધોરણ–૧ થી ૮)માં શિક્ષક થવા માટે નીચે પ્રમાણેની જુદી–૨ પરીક્ષાઓ લેવાશે.

**(અ) પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી–I (ધોરણ–૧ થી ૫)** ( Elementary *Teacher Eligibility Test* –I )

www.shikshanjagat.in

પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણ (ધોરણ– ૧ થી ૫)માં શિક્ષક / વિદ્યાસહાયક થવા આ પરીક્ષા આપી પાસ કરવાની રહેશે.

(I) વિવિધ હેતુલક્ષી કુલ ૧૫૦ પ્રશ્નો રહેશે અને તેનો સમય સળંગ–૯૦ મિનિટનો રહેશે.

(II) તમામ વિભાગો અને તેના તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે.

(III) તમામ વિભાગોનું એક જ પેપર રહેશે.

- વિભાગ – ૧ : બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો ( Child Development & Pedagogy ) : ૩૦ બહુહેતુક પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦

– જેમાં Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.

– બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતોનો વિભાગ ૬ થી ૧૧ વયજૂથનાં બાળકો માટેના અધ્યયન–અધ્યાપનના શૈક્ષણિક મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિદ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, , બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષયસજ્જતા કેવી છે તેનું સુચારૂ મૂલ્યાંકન થાય તેવા વ્યવહારૂ પ્રશ્નો (Applied Questions) અંગેની વિચારપ્રેરક વિષયસામગ્રી કસોટીમાં પૂછવામાં આવશે.

- વિભાગ – ૨ અને ૩ : ભાષા ૧ અને ૨ ( ગુજરાતી અને અંગ્રેજી) : ૩૦– ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૬૦

– ભાષાકીય સજ્જતા અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન – ભાષા–૧ ( ગુજરાતી) માં થશે. જયારે ભાષા – ૨ (અંગ્રેજી)માં ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સારઅર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

- વિભાગ – ૪ : ગણિત : ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦

– વિષયની સંકલ્પના સ્પષ્ટીકરણ અંગેની બાબતો અને Problem Solving Abilities (સમસ્યાઉકેલ સંબંધી ક્ષમતા) તથા વિષયના પધ્ધતિશાસ્ત્ર અને વિષયવસ્તુનું વ્યવહારિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થશે.



www.shikshanjagat.in

જાણકારી : ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦

- આમ આ કસોટી માટે ધોરણ ૧ થી ૫ નો અભ્યાસક્રમ ધ્યાને લેવો, પરંતુ તેનું કઠિનતામૂલ્ય અને સંબંધ માધ્યમિક શિક્ષણ ( ધોરણ ૬ થી ૮) સાથેનું હોય તે જરૂરી છે.

<u>(બ) પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી / પરીક્ષા–II</u> ( ધોરણ ૬ થી ૮) ( Elementary *Teacher Eligibility Test* –II )

પ્રાથમિક શાળામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ–૬ થી ૮)માં શિક્ષક થવા ઉમેદવારે આ પરીક્ષા/કસૌટી પાસ કરવાની રહેશે.

(I) આ કસૌટીમાં બે વિભાગ રહેશે. વિભાગ–૧ અને વિભાગ–૨.

(II) વિભાગ–૧ દરેક ઉમેદવારે પાસ કરવાનો રહેશે.

(III) વિભાગ–૨ ત્રણ વિષય શિક્ષકો માટે જુદા જુદા રહેશે. વિભાગ–૨ (ગણિત, વિજ્ઞાન)ની કસોટી ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં ગણિત, વિજ્ઞાનના શિક્ષક થવા, વિભાગ–૨ (ભાષા)ની કસોટી ભાષાના શિક્ષક થવા અને વિભાગ–૨ (સામજીક વિજ્ઞાન)ની કસોટી સામાજીક વિજ્ઞાનના શિક્ષક થવા પાસ કરવાની રહેશે.

(IV) દરેક વિભાગમાં ૭૫ – ૭૫ પ્રશ્નો રહેશે અને બંને વિભાગોનો સળંગ સમય ૧૨૦ મિનિટ રહેશે.

(V) વિભાગ – ૧ : કુલ ૭૫ પ્રશ્નો રહેશે.

(1) બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો ( Child Development & Pedagogy ) : ૨૫

પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૨૫

– જેમાં Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.

– બાળવિકાસ અને શિક્ષણાના સિધ્ધાંતોનો વિભાગ ૧૧ થી ૧૪ વયજૂથનાં બાળકો માટેના અધ્યયન–અધ્યાપનના શૈક્ષણિક મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિદ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, , બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષયસજ્જતા કેવી છે



www.shikshanjagat.in